


# ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ



Scanned with OKEN Scanner



પરિવર્તનશીલ સમાજની આવશ્યકતાઓને દીર્ઘદષ્ટાઓ જોઈ-જાણી શકે છે અને તેમની કાર્યશીલતા તે દિશામાં કાર્ય કરવા લાગે, એવું જ ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ વિશે બન્યુ છે. ભારતીય સમાજના પરિવર્તનો આવ્યા તે પ્રમાણે કુટુંબ વ્યવસ્થા બદલાતી ચાલી, સંયુકત કુટુંબની પ્રાચીન વ્યવસ્થા બદલાવા લાગી તે સાથે વૃદ્ધોની સંભાળનું કાર્ય એક અલગ વ્યવસ્થાથી થાય તે જરૂરી બન્યું, આ દિશામાં ભાવનગરના દીર્ઘદષ્ટા શ્રી માનભાઈ ભટ્ટ અને તેમના સાથી મિત્રોએ ૧૯૭૦માં પાંચ ટ્રસ્ટીઓ સાથે વૃદ્ધાશ્રમ ટ્રસ્ટની શરૂઆત કરી. સમાજના સહયોગથી આવશ્યકતા મુજબ રહેઠાણની જરૂરીયાત પુરી થયેલી તે સમય જતા ઉપરના માળ સાથેની ઈમારત બની.

ટ્રસ્ટના બંધારણ મુજબ આ સંસ્થામાં કોઈ પણ જાતિ, ધર્મ કે લીંગના ભેદભાવ વિના વૃદ્ધાવસથાના કારણે ઉભી થતી શારિરીક મર્યાદા, માનસિક સંતાપ તેમજ આધ્યાત્મિક આવશ્યકતાને સંતોષવાનો પ્રયાસ કરવામાં આવે છે. સંસ્થાનુ સંચાલન સેવાની ભાવનાથી કરવામાં આવે છે. સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ, સેવાભાવી કાર્યકરોનો સહયોગ લેવામાં આવે છે.

કંઈ કેટલાયે લોકસેવકો, સેવાભાવી સામાજિક સંસ્થાઓ, શ્રેષ્ઠીઓ, દાતાઓ, હિતેચ્છુઓ, સ્થાનિક કચેરીઓ, અધિકારીઓ, સંસ્થાના ટ્રસ્ટીઓ, માનદ કાર્યકર્તાઓ અને જીલ્લાના નાગરિકો તરફથી નિસ્વાર્થ ભાવે મળતા સહકાર અને સહિયારા પ્રયાસથી આ વૃદ્ધાશ્રમ શહેરની સંસ્કારિતા અને સભ્યતાની શાન વધારતું નમૂનેદાર બન્યું છે.

Scanned with OKEN Scanner

## ઈતિહાસ

સંસ્થાના રજીસ્ટ્રેશન બાદ અગત્યની કામગીરી સંસ્થાના મકાનની વ્યવસ્થાની હતી. મકાન બાંધકામ અને તેના નામકરણ માટે ઘોઘાવાળા ગુલાબબેન હરિભાઈ શાહ તરફથી જરૂરી સહાય મળતા તેમના નામ સાથે વૃદ્ધ નિકેતન થયું. પ્રાર્થના ગૃહ માટેનું દાન શ્રી રતિલાલ વિઠ્ઠલદાસ ગોસળીયા તરફથી મળેલ. સમાજના ઉદાર દાતાઓનો સહયોગ અને સંનિષ્ઠ, ખંતીલા, ઉત્સાહી ટ્રસ્ટીઓની સુઝથી રહેવા-જમવા અને આરોગ્યલક્ષી સુવિધા ગોઠવાઈ ગઈ, થોડા સમયમાં અન્ય પુરક સવલતોનો વિસ્તાર થતો ગયો.

સમય જતાં વૃદ્ધોની સંખ્યા વધતી ગઈ, નીચેના ભાગે ઓરડાઓનું બાંધકામ થતું ગયું અને ત્યારબાદ મૂળ મકાન પર વધારાના એક માળની વ્યવસ્થા વિવિધ દાતાઓના સહયોગથી શકય બની. જેનું ઉદ્ઘાટન ૧૯૮૯માં શ્રીમતી સુશીલાબેન શેઠ તેમજ પૂજય દયારામ બાપાની ઉપસ્થિતિમાં થયું. ત્યારબાદ વર્ષ ૨૦૧૩માં દાતાઓના સહયોગથી રીનોવેશન કરવામાં આવ્યું.

સંસ્થાની ક્ષમતા મુજબ વૃદ્ધોને સમાવ્યા ઉપરાંત પ્રવેશ યાદી મોટી થતી જતી હતી આથી ટ્રસ્ટીઓ દ્વારા મૂળ મકાનની સામેની જમીન ખરીદી રાખવામાં આવી હતી એ જમીન ઉપર ૨૦૦૪માં નવા મકાન માટે દાતાશ્રી સતીષભાઈ ભાયાણી દ્વારા માતબર રકમ મળતા ત્રણ માળનું અદ્યતન વ્યવસ્થા સાથે જેવી કે પ્રાર્થના હોલ, રસોડું, વડીલોને ફુરસદના સમયે બેસવાની અલગ વ્યવસ્થા અને ડબલ બેડના ઓરડાઓની વ્યવસ્થા સાથે શ્રીમતી વસંતલક્ષ્મી નાનાલાલ ભાયાણી જીવનસંધ્યા આરોગ્ય સુશ્રુષાધામ બનાવવામાં આવ્યું. ત્યારબાદ વર્ષ ૨૦૧૪માં શ્રી મુકેશભાઈ ઓઝાની આર્થિક સહાયથી મકાનને રંગરોગાન કામ કરવામાં આવ્યું.

આ રીતે વૃદ્ધાશ્રમ ટ્રસ્ટના બે મકાનો છે, તેમાં ૨૭૦ વૃદ્ધોનો સમાવેશ થઈ શકે છે. બંને સ્થાને સમાન વ્યવસ્થા જાળવવામાં આવે છે.

Scanned with OKEN Scanner

**સુવિધાઓ**

તબીબી સુવિધામાં એલોપેથી, આયુર્વેદિક, હોમીયોપેથી ઉપરાંત ફીઝીયોથેરાપી સેન્ટર કાર્યરત છે.

વડીલોના સ્વાસ્થ્યને અનુકુળ ઋતુ મુજબ તાજુ આરોગ્યપ્રદ ભોજન મળી રહે તે માટે સંસ્થામાં બંને આશ્રમના મકાનમાં તેમજ ટિફિન માટે અલગ રસોઈ ઘર ચાલે છે. તેમાં મરચા વિનાનું મોળુ, મરચા સાથેનું રેગ્યુલર તથા જૈન ભોજન બને છે.

લાઈબ્રેરી : સરકારશ્રીની સહાયથી પુસ્તકાલય તથા વાંચનાલયની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમાં વિવિધ વિષયના પુસ્તકો, સામાયિકો અને સમાચાર પત્રો ઉપલબ્ધ છે.

વિવિધ પ્રવૃતિઓ : વડીલોને વર્ષ દરમ્યાન જુદી જુદી અનેક પ્રવૃતિઓ આપવામાં આવે છે. બધા જ ધાર્મિક તહેવારોની ઉત્સાહપૂર્વક ઉજવણી થાય છે. નવરાત્રિ વડીલોનો પ્રિય તહેવાર છે. નવ દિવસ સંસ્થાના પ્રાંગણમાં લાઈટડેકોરેશન અને સંગીત સાથે ગરબાનું આયોજન થાય છે. એ જ રીતે દિવાળીના પાંચે દિવસોની ખાસ ઉજવણી થાય છે.

સામાન્ય દિવસોમાં સાંજે વડીલો શતરંજ કે કેરમબોર્ડ રમતા હોય છે. કેટલાંક વડીલો વાંચન કે કીર્તન કરે છે. ઉપરાંત વિશેષ વ્યાખ્યાનોનું આયોજન થાય છે. શહેરની જુદી જુદી સંસ્થાઓ આવીને રસમય કાર્યક્રમો રજુ કરે છે.

વિશ્વ વૃદ્ધત્વ દિનની ઉજવણીમાં નગરયાત્રા, રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થાય છે. વર્ષમાં બે વાર પ્રવાસનું આયોજન કરવામાં આવે છે.

પીવાના પાણી માટે એકવાગાર્ડ અને વોટર કુલર તેમજ સોલાર ગીઝર દ્વારા ગરમ પાણીની વ્યવસ્થા છે.


**ટિફિન યોજના**

ભાવનગર શહેરમાં વસતા વડીલો કે અશકતો જેઓ પોતાના ઘરે રહેતા હોય પરંતુ જાતે રસોઈ બનાવી ન શકતા હોય તેઓને ઘેર બંને સમયે ટીફીન પહોંચતા કરવાની વ્યવસ્થા વર્ષ ૨૦૦૫થી કરવામાં આવી છે. આ માટે અલગ રસોડાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. હાલમાં ૩૧૦ ટિફિન શહેરના જુદા જુદા વિસ્તારોમાં પહોંચાડવામાં આવે છે.

Scanned with OKEN Scanner



ભોજનાલય



પુસ્તકાલય



વૃદ્ધનિકેતન



ટી.વી. રૂમ



પ્રાર્થના ખંડ અને મંદિર



ટિફિન યોજના

Scanned with OKEN Scanner

# ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ
## વૃદ્ધનીકેતન (જૂનું વૃધ્ધાશ્રમ)ના નવા અદ્યતન મકાન માટે આવશ્યક ડોનેશન લેવા માટેની યોજના

| ક્રમ | જગ્યાનું વિવરણ | સંખ્યા | ડોનેશનની રકમ (એકમ દીઠ) | ડોનેશનની કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | નામકરણ માટે | ૧ | ૨,૦૦,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦,૦૦૦ |
| ૨ | ભોજનલાય | ૧ | ૩૧,૦૦,૦૦૦ | ૩૧,૦૦,૦૦૦ |
| ૩ | મંદિર | ૧ | ૨૫,૦૦,૦૦૦ | ૨૫,૦૦,૦૦૦ |
| ૪ | ડોરમેટરીઝ | ૮ | ૧૫,૦૦,૦૦૦ | ૧,૨૦,૦૦,૦૦૦ |
| ૫ | પ્રાર્થના ખંડ | ૧ | ૧૫,૦૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ |
| ૬ | લાઈબ્રેરી | ૧ | ૧૫,૦૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ |
| ૭ | ગૃહપતિ આવાસ | ૧ | ૧૫,૦૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ |
| ૮ | ગાર્ડન | ૧ | ૧૧,૦૦,૦૦૦ | ૧૧,૦૦,૦૦૦ |
| ૯ | કીચન રૂમ | ૧ | ૧૦,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૦ | ઓફિસ | ૧ | ૧૦,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૧ | લીફટ | ૨ | ૧૦,૦૦,૦૦૦ | ૨૦,૦૦,૦૦૦ |
| ૧૨ | ઓરડાઓ | ૪૮ | ૭,૦૦,૦૦૦ | ૩,૩૬,૦૦,૦૦૦ |
| ૧૩ | ટી.વી. રૂમ | ૮ | ૭,૦૦,૦૦૦ | ૫૬,૦૦,૦૦૦ |
| ૧૪ | આઈસોલેશન રૂમ | ૨ | ૭,૦૦,૦૦૦ | ૧૪,૦૦,૦૦૦ |
| ૧૫ | ક્લિનિક | ૨ | ૭,૦૦,૦૦૦ | ૧૪,૦૦,૦૦૦ |
| ૧૬ | ટ્રસ્ટી બેઠક ખંડ | ૧ | ૭,૦૦,૦૦૦ | ૭,૦૦,૦૦૦ |
| ૧૭ | લોબી | ૧૦ | ૫,૦૦,૦૦૦ | ૫૦,૦૦,૦૦૦ |
| ૧૮ | સ્ટોર રૂમ | ૨ | ૨,૫૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૧૯ | પલંગ તથા ફર્નિચર | ૨૦૦ | ૧,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦,૦૦૦ |



Scanned with OKEN Scanner

## ભાવનગર વૃધ્ધાશ્રમ ટ્રસ્ટના નવા અદ્યતન મકાન અંદરની જલક









## ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ
## ટ્રસ્ટીશ્રીઓ

| | | |
|---|---|---|
| શ્રી હર્ષદભાઈ બાલકૃષ્ણ શેઠ | પાયોનિયર ટ્રસ્ટીશ્રી | 9428052329 |
| ડૉ. શ્રીમતી નિલાબેન ભરતભાઈ ઓઝા | પ્રમુખશ્રી | 9427759481 |
| શ્રી સુનીલભાઈ ગુણવંતભાઈ વડોદરિયા | ઉપપ્રમુખશ્રી | 9426916929 |
| શ્રી જયંતભાઈ નાનાલાલ વનાણી (બુધાભાઈ પટેલ) | માનદ્મંત્રીશ્રી | 9825205627 |
| શ્રી દેવેન્દ્રભાઈ રસિકલાલ શેઠ | સહમંત્રીશ્રી | 9879511350 |
| શ્રી અચ્યુતભાઈ જે. મહેતા | ખજાનચીશ્રી | 9375310012 |
| સુ. શ્રી લતાબેન રમણીકલાલ શાહ | ટ્રસ્ટીશ્રી | 9428641730 |
| શ્રી કિર્તીભાઈ પી. સખપરા | ટ્રસ્ટીશ્રી | 9825207272 |
| શ્રી સંજયભાઈ એમ. શાહ | ટ્રસ્ટીશ્રી | 9825205048 |
| શ્રી ભરતભાઈ પ્રતાપભાઈ શાહ | ટ્રસ્ટીશ્રી | 9824245050 |

Scanned with OKEN Scanner

## સંસ્થાની વર્તમાન જરૂરીયાત

### નમ્ર અપીલ

ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ દ્વારા આજથી ૫૨ વર્ષ પહેલાં "શ્રી ઘોઘાવાળા ગુલાબબેન હરીભાઈ શાહ" વૃધ્ધ નિકેતનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી. સમય જતાં રીનોવેશન પણ કરવામાં આવ્યું છે. હાલની પરિસ્થિતિએ વૃદ્ધોની સંખ્યા / ક્ષમતાને ધ્યાને લઈ નવા રૂમ તૈયાર કરવા ટ્રસ્ટીઓ દ્વારા વિચારણા કરવામાં આવી અને તે માટે આર્કિટેક્ટ શ્રી રજનીકાંત મચ્છર તેમજ સ્ટ્રકચરલ એન્જિનીયર શ્રી અતુલભાઈ વોરાની સાથે વિચાર-વિમર્શને અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે હાલમાં જે બિલ્ડીંગ છે તેની જગ્યાએ વયસ્કોને અનુકુળ અદ્યતન સુવિધા ધરાવતું સંકુલ તૈયાર કરવું. જે આયોજન મુજબ પાંચ માળની આશરે ૫૩,૦૦૦ ચો.ફૂટના બાંધકામના વિવિધ વિભાગો, સુવિધાઓ સાથેના અંદાજિત ખર્ચની વિગત બાજુના કોઠામાં જણાવેલ છે. આયોજન વિશે વધુ કોઈપણ માહિતી જરૂરિયાત હોય તો અમને જણાવશો અમો આપનો સંપર્ક કરીશું.

ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ દ્વારા હાથ ધરાયેલ આ ભાગીરથ કાર્યમાં ઉદારદીલે નાણાકીય મદદ આપી સમાજ તરફનું ઋણ અદા કરવાના આ સેવાકીય યજ્ઞમાં સહભાગી બનવા અમારી નમ્ર અપીલ છે.

આપના સહૃદયી
પ્રમુખ - મેનેજીંગ ટ્રસ્ટી

**આ સંસ્થાને આપવામાં આવતું દાન ઈન્કમટેક્ષની કલમ ૮૦-જી હેઠળ કરમુક્તિને પાત્ર છે. ક્રોસ્ડ ચેક / ડિમાન્ડ ડ્રાફ્ટ "ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ" ના નામનો મોકલવા વિનંતી.**

### Bank Details For Indian Donors

| | | |
|---|---|---|
| A/c. Name | : | Bhavnagar Vridhashram Trust |
| Bank & Branch | : | Union Bank of India, Krishnanagar, Bhavnagar |
| A/c. No. | : | 348802010057065 |
| IFSC | : | UBIN0534889 |

### Bank Details For Foreign Countries

| | | |
|---|---|---|
| A/c. Name | : | Bhavnagar Vriddhashram Trust |
| Bank & Branch | : | State Bank of India, New Delhi Main Branch 11, Parliament Street, New Delhi - 110 001 |
| A/c. No. | : | 40294329100 |
| IFSC | : | SBIN0000691 |
| SWIFT | : | SBININBB104 |

**ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ**
ટી.વી. રીલે કેન્દ્રની બાજુમાં, ઘોઘા સર્કલ, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૨૦૦૨૮૭, મોબાઈલ : ૯૪૦૯૦ ૮૧૪૮૨
e-mail : bhavvrudhtrust@ymail.com • www.bhavnagarvruddhashram.com

Scanned with OKEN Scanner